નારી તુ નારાયણીઃ ફિટ ઈન્ડિયા મુવમેન્ટને વ્યાપક બનાવવા

ડો.સોનાલી ૩૮૦થી વધુ લોકોને યોગ સાધના કરાવી રહ્યા છે

વડોદરા તા.૪

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ફિટ ઇન્ડિયા મુવમેન્ટનો પ્રારંભ કરાવી ભારતના નાગરિકોને નિરોગી અને સ્વસ્થ રહેવાનો સંદેશ આપ્યો છે. ફિટ ઇન્ડિયા મુવમેન્ટને પગલે ભારતના કેટલાય નાગરિકો યોગાસન અને સ્વાસ્થ્ય સંબંધી અન્ય પ્રવૃત્તિઓ સાથે જોડાયા છે. ગુજરાત સરકાર પણ ફિટ ઇન્ડિયા મુવમેન્ટમાં વધુ સહયોગી બની સતત અને સઘન પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. ફિટ ઇન્ડિયા મુવમેન્ટનો ઘર ઘર યોગ હર ઘર રહે નિરોગ મંત્રને સાકાર કરવા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ડિસેમ્બર-૨૦૧૯ દરમિયાન ૬ હજાર ફોર્મ્સ ઓનલાઇન ભરવામાં આવ્યા હતા તેમાંથી ૪૦૦ લોકોની પસંદગી કરવામાં આવી હતી. પસંદ થયેલ આ ૪૦૦ લોકોને અડાલજ ખાતે બોલાવી થિયરી અને પ્રેક્ટિકલ પરીક્ષા, તેમના અનુભવો અને ઇન્ટરવ્યુ કરવામાં આવ્યા, તેમાંથી ૧૫૦ની પસંદગી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા કરવામાં આવી. ફિટ ઇન્ડિયા મુવમેન્ટ હેઠળ રાજ્યભરમાં ૧૫૦ યોગ કોચ યોગ તાલીમ મેળવી બીજાઓને યોગ પ્રશિક્ષણ આપી રહ્યા છે. જેમાંથી ૬ યોગ કોચ વડોદરા ખાતે અલગ-અલગ વિસ્તારમાં યોગ તાલીમ આપી રહ્યા છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ તાલીમ મેળવી હોય તે તમામની માર્ચ દરમિયાન પરીક્ષા યોજાશે અને પાસ થનાર સાધકોને યોગ સેવકની પદવી આપવામાં આવશે. આ યોગ સેવકો પણ નાગરિકોને યોગની તાલીમ આપશે અને તેમની પણ પરીક્ષા યોજવામાં આવશે ફરી પાસ થનાર સાધકોને યોગ સેવકની પદવી આપવામાં આવશે અને તેઓ પણ નાગરિકોને યોગની તાલીમ આપશે. આમ, નાગરિકોના જીવનમાં યોગને સાહજિક કરવા અને યોગને જીવનનો તથા નિત્યક્રિયાઓનો ભાગ બનાવી સ્વાસ્થ્ય સ્તર ઉંચો લાવવાનો રાજ્ય સરકારનો ઉદ્દેશ્ય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, યોગ કોચને યોગ તાલીમ આપવા બદલ રાજ્ય સરકાર દ્વારા યોગ સર્ટિફિકેટ, તાલીમ અને દર મહિને રૂ.૩૦૦૦ ચૂકવવામાં આવે છે. આ ઉપરાંત ઉત્કૃષ્ટ સેવા બજાવનાર યોગ કોચને યોગ તાલીમ માટે રાજ્ય સરકાર વિદેશમાં પણ મોકલશે.

૬ યોગ કોચ વડોદરા ખાતે ફિટ ઇન્ડિયા મુવમેન્ટ હેઠળ કાર્યરત છે. આ યોગ કોચ દ્વારા તા.૨ ફેબ્રુઆરી થી તા.૧ માર્ચ-૨૦૨૦ દરમિયાન ૩૮૦થી વધુ નાગરિકોને યોગ, પ્રાણાયામ, એક્યુપ્રેશરની તાલીમ આપવામાં આવી છે. આ છ યોગ કોચમાંથી એક કોચ છે વડોદરા સ્થિત ૪૧ વર્ષીય ડો. સોનાલી નીરજ માલવીયા. તેઓ વડોદરા સ્થિત ભીમતળાવ ગાર્ડન, ન્યુ સન ફાર્મા રોડ ખાતે ૩૮૦થી વધુ નાગરિકોને યોગ તાલીમ આપી રહ્યા છે. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકાર દ્વારા ફિટ ઇન્ડિયા મુવમેન્ટ હેઠળ સ્વાસ્થ્ય સંબંધી કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. તેમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ વિશેષ રસ દાખવીને ગુજરાતના નાગરિકોને યોગ તાલીમ આપવા યોગ ટ્રેઇનર એપ્લિકેશનના માધ્યમથી ૫ હજાર લોકોને જોડવાનો લક્ષ્યાંક હતો તે ૧૪ હજાર થયો. ૧૪ હજાર નાગરિકોએ યોગ તાલીમ માટે રસ દાખવ્યો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્યમાં પસંદગી પામેલ ૧૫૦ યોગ કોચમાંથી નં.૧ વિશેષ યોગ કોચ તરીકે યોગ કોચ તરીકે ડો.સોનાલી માલવીયાની પસંદગી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા તેમનું સન્માન વિશ્વ મહિલા દિન નિમિત્તે યોજાનાર સન્માન કાર્યક્રમમાં કરવામાં આવશે. આ ઉપરાંત ડો. સોનાલીને તેમના યોગ તાલીમ કામગીરી માટે તાજેતરમાં ત્રૠઅંઈક ઇન્ડિયા, બ્રહ્મકુમારી અને પતંજલિ એ પણ સન્માનિત કર્યા હતા.ડો. સોનાલીએ જણાવ્યું કે, યોગના માધ્યમથી સકારાત્મક ઉર્જાનો સંચાર થયા છે. એક ઉંમરનો પડાવ આવે ત્યારે શારીરિક અને માનસિક રીતે હારી થાકી ગયેલ વ્યક્તિઓને મૃત્યુની રાહ રહે તેમને યોગના માધ્યમથી જીવનદાન મળે છે. કેટલાક સાધકો એવા હોય છે જેમને ૨૫ દિવસમાં ૨ થી ૪ કિગ્રા વજન ઘટ્યું છે. પદ્માસનમાં બેસી ન શકતા હોય અને ઘૂંટણ વળવાની તકલીફ હોય તેમને યોગથી પગ અને ઘૂંટણ સંબંધી સમસ્યાઓનું નિવારણ થાય છે.ડો. સોનાલીએ વધુમાં કહ્યું કે, જીમ એ આધુનિક અભિગમ છે પણ યોગાસનો એ ભારતીય સંસ્કૃત્તિનો ભાગ છે. યોગાસનથી શારીરિક અને માનસિક રીતે અનેક ફાયદાઓ થાય છે. ખાસ કરીને ડાયાબિટીઝ, વધતું વજન, બીપી, હૃદયરોગ, થાઇરોઇડ, શ્વસન સંબંધી સમસ્યા, સાંધાનો દુઃખાવો, ગઠિયો વા,ડિપ્રેશન, ટેન્શન, ચીડચીડીયાપણું, ચામડી તથા વાળ સંબંધી સહિતના પ્રશ્નોમાં પણ યોગ ચમત્કારિક નીવડે છે. આ ઉપરાંત સાધકોને તાલી વગાડવા, હાસ્યના માધ્યમથી અને ખુલ્લાપગે ઘાસ પર ચાલવા સહિતની થેરાપી આપવામાં આવે છે અને યોગનિદ્રા, સૂર્યનમસ્કાર, ષટકર્મ અને શોધનક્રિયા પણ કરવામાં આવે છે. તેમણે ઉમેર્યું કે, યોગથી વજન ઘટાડવામાં આવે એ વજન ફરી વધતું નથી કેટલાક કિસ્સાઓમાં વજન વધે તો તેની માત્રા ઓછી હોય છે. સમય મુજબ ઓપરેશન પછી એલોપથી ડોક્ટર્સ પ્રાણાયામ સાથે જોડવા સલાહ આપે છે જે દર્દીઓ માટે ઘણું જ ફાયદાકારક રહે છે.

ડો. સોનાલીને તેમના યોગ તાલીમ કામગીરી વિશે જણાવ્યું કે, અડાલજ ખાતે યોગ કોચ પસંદગીમાં ૧૫૦ વ્યક્તિઓની પસંદગી થઇ જેમાં મારું પણ સિલેકશન થયું. યોગ કોચ તરીકેની આ કામગીરીમાં મારા પતિ નીરજ માલવીયા અને ૧૩ વર્ષીય દીકરી અને ૮ વર્ષનો દીકરો મારા આ બે બાળકોએ પણ યોગ કોચ તરીકેની મારી કામગીરીમાં સહયોગ આપ્યો. ફોર્મ્સ એકઠા કરવા સહિતની પ્રાથમિક કામગીરીમાં મારા બાળકો જોડાયા. યોગ કોચ તરીકે યોગ તાલીમમાં સાંજે ૫.૩૦ થી ૮.૩૦ દરમિયાન મારા પતિ નીરજ માલવીયાનો સહયોગ રહે છે. રવિવારે વિશેષ વર્ગ ગોઠવી સવારે ૬ થી ૧૦ દરમિયાન સૂર્ય નમસ્કાર, ષટકર્મ, પંચકર્મ અને આહાર ચિકિત્સા કાર્યક્રમ યોજવામાં આવે છે. તેમણે ઉમેર્યું કે, યોગ કોચ રાજ્ય સરકાર સંલગ્ન શાળા, કોલેજ, યુનિવર્સિટી અને કચેરીઓમાં પણ યોગ તાલીમ આપશે.

ડો. સોનાલીએ જણાવ્યું કે, મેં યોગવિદ્યા નાસિક ખાતેથી યોગશિક્ષકની ડિગ્રી મેળવી છે. આ ઉપરાંત મેં બેચલર ઓફ નેચરોપથી એન્ડ યોગ થેરાપીનો અભ્યાસ પણ કર્યો છે. યોગ ઉપરાંત રેકી, ક્રિસ્ટલ થેરાપી, કલર થેરાપી અને એક્યુપ્રેશરની તાલીમ પણ મેં મેળવી છે.

મહત્વનું છે કે, ડો. સોનાલી અને તેમના પિતા નીરજ માલવીયા કેન્દ્રીય વિદ્યાલય, બેંક ઓફ બરોડા, રેલ્વે એકેડમી અને જીએઆઇએલ ઇન્ડિયા ખાતે હેલ્થ અવેરનેસ, યોગ શિબિર સહિતની તાલીમ નિયમિતપણે ગોઠવી યોગ પ્રશિક્ષણ આપવામાં આવે છે. આ ઉપરાંત હેપી ફેસીસ ગ્રુપ તળે ગરીબ બાળકો, વૃધ્ધો, પુરૂષો અને સ્ત્રીઓને યોગ અને રેકી, ક્રિસ્ટલ થેરાપી, કલર થેરાપી અને એક્યુપ્રેશરની ટ્રીટમેન્ટ નિઃશુલ્ક આપવામાં આવે છે.

સોનગઢના પોખરણ ગામ પાસે નેશનલ હાઇવે પર બસ ટેન્કર અને ફુઝર વચ્ચે અકસ્માત

સુરત, તા. ૪

સોનગઢના પોખરણ ગામ પાસે નેશનલ હાઇવે નંબર ૫૩ પર બસ ટેન્કર અને ફુઝર વચ્ચે ટ્રિપલ એક્સિડન્ટ સર્જાયો હતો. જેમાં ૧૦ વ્યક્તિઓના મોત નીપજ્યાં હોવાનું પ્રાથમિક તબક્કે કહેવામાં આવી રહ્યું છે.ટેન્કરે રોંગ સાઈડ આવી એક્સિડન્ટ સર્જ્યોકુશલગઢથી ઉકાઈ જતી એસટી નિગમની બસને ટેન્કર ચાલકે રોગ સાઈડ આવીને અડફેટે લીધી હતી. આ દરમિયાન પાછળથી ફુરપાટ આવતી ફુઝર ગાડીના ચાલકે કાબુ ગુમાવતા બસની પાછળ ટકરાઈ ગઈ હતી. ટ્રિપલ એક્સિડન્ટમાં ઘટના સ્થળે લગભગ દસ વ્યક્તિઓના મોત નીપજ્યાનું કહેવાઈ રહ્યું છે.

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

ટેન્ડર નોટીસ

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

અ.નં.	પી.આર.ઓ.નંબર	વિભાગનું નામ	કામની સંખ્યા	અંદાજીત રકમ
૧	૮૭૨/૧૯-૨૦	બિલ્ડીંગ પ્રોજેક્ટ	૦૧	૨,૦૦,૦૦,૦૦૦/-
૨	૮૭૩/૧૯-૨૦	બિલ્ડીંગ પ્રોજેક્ટ	૦૧	૨,૦૦,૦૦,૦૦૦/-
૩	૮૭૫/૧૯-૨૦	પાર્કસ એન્ડ ગાર્ડન	૦૨	૮,૪૨,૧૪૯/-
૪	૮૭૬/૧૯-૨૦	પાર્કસ એન્ડ ગાર્ડન	૦૨	૬૦,૩૬,૩૨૪/-
૫	૮૭૭/૧૯-૨૦	ઇલે.મિકે.સુવેઝ	૦૪	૧,૩૬,૬૪૯/-

નોંધ: અનુ.નં- ૧, ૨, અને ૪ ની જાહેરાત ઇ-ટેન્ડરીંગની છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી/ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. સંપૂર્ણ વિગતોએ ભરેલા ટેન્ડર પરત મોકલવાની નિયત તારીખે અને સમયે જે તે વિભાગ ને મોકલી શકાશે. કોઇપણ ભાવપત્ર મંજુર/નામંજુર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૮૭૮/૨૦૧૯-૨૦ — જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

દેશમાં સૌપ્રથમ રાજ્યકક્ષાના ટુ-વ્હીલર ડીલર એસોસિયેશન ગુજરાતની સ્થાપના કરાઈ

અમદાવાદ, ૦૪

સમગ્ર ગુજરાતના ટુ-વ્હીલર ડીલર્સને એક પ્લેટફોર્મ ઉપર લાવીને તેમની વિવિધ સમસ્યાઓના સમાધાન તથા અસરકર્તા મુદ્દાઓની યોગ્ય પ્રકારે રજૂઆત કરવાના ઉદ્દેશ્ય સાથે ટુ-વ્હીલર ડીલર એસોસિયેશન ગુજરાત (ટીડીએ ગુજરાત)ની સ્થાપના કરવામાં આવી છે. માત્ર ટુ-વ્હીલર ડીલર્સનું રાજ્યકક્ષાનું સંગઠન હોય તેવું આ પ્રથમ એસોસિયેશન છે.

ભારતની આર્થિક વૃદ્ધિમાં ઓટો ઉદ્યોગનું યોગદાન અત્યંત મહત્વપૂર્ણ છે, પરંતુ છેલ્લાં કેટલાંક સમયમાં આર્થિક નબળાઇ તથા ૧ એપ્રિલ ૨૦૨૦થી બીએસ-૬ના અમલીકરણથી ઓટો ઉદ્યોગ સામે સંકટ પેદા થયો છે, જેની સીધી અસર ટુ-વ્હીલરના વેચાણ ઉપર પણ વર્તાઇ છે. ગુજરાત રાજ્યમાં ટુ-વ્હીલર્સનું વાર્ષિક વેચાણ વર્ષ ૨૦૧૮-૧૯માં આશરે ૧૪,૫૦,૦૦૦ હતું, જે વર્ષ ૨૦૧૯-૨૦માં ઘટીને ૧૨,૩૦,૦૦૦ જેટલું રહેવાનું અનુમાન છે.

બીજી તરફ પાંચ વર્ષ ફરજિયાત વીમાનું અમલીકરણ થવાથી વાહનની કિંમતમાં આશરે રૂ. ૪૦૦૦નો વધારો થયો છે, જેના કારણે પણ વૃદ્ધિને ફટકો પડ્યો છે. ભારતમાં એમીશન નોર્મ્સના નિયમોમાં ફેરફાર થવાથી બીએસ-૪નું રજીસ્ટ્રેશન હવે બંધ થઇ જશે અને માત્ર બીએસ ૬ ધરાવતા નવા વાહનોનું રજીસ્ટ્રેશન માન્ય ગણાશે, જેના કારણે વાહનની કિંમતમાં આશરે ૧૦ ટકાનો વધારો આવશે. આ પરિસ્થિતિમાં એસોસિયેશન ભારત સરકાર પાસેથી જીએસટીમાં ઘટાડો અથવા અન્ય કોઇપણ પ્રકારે ઉદ્યોગને બળ મળે તેવી પોલીસીની અપેક્ષા રાખી રહ્યું છે. આ ઉપરાંત વાહન સ્ક્રેપીંગ પોલીસી પણ તૈયાર થઇ ગઇ છે, જે બને તેટલી વહેલા અમલમાં આવે તે જરૂરી છે. આ પોલીસીથી ઓટો ઇન્ડસ્ટ્રીઝના વેચાણમાં વધારો થશે તેમજ અકસ્માત અને પ્રદૂષણ ઘટાડવામાં મદદ મળી રહેશે.એફએડીએના રિજનલ ડાયરેક્ટર શ્રી પ્રણવ શાહની ટીડીએ ગુજરાતના ચેરમેન તરીકે નિમણૂંક કરવામાં આવી છે. રાજેશ પટેલ વાઇસ ચેરમેન, જયદીપ ત્રિવેદી સેક્રેટરી, જયેન્દ્ર પંડ્યા ટ્રેઝરર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. તેમજ અન્ય કમીટી મેમ્બર્સનો સમાવેશ થાય છે. આજે આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતના અલગ અલગ શહેરોના દરેક બ્રાન્ડના અંદાજે ૧૫૦ ટુ-વ્હીલર ડીલલર્સ ટીડીએ ગુજરાતની કોન્ફરન્સમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ૩૦૦થી પણ વધુ ઓટોમોબાઇલ ડીલર છે. દર વર્ષે માત્ર ગુજરાતમાંથી જ ટુ-વ્હીલરનું વેચાણ ટર્નઓવર રૂ. ૯૦૦૦ કરોડથી પણ વધુ છે અને ગુજરાતમાં આ ક્ષેત્ર દ્વારા ૨૫,૦૦૦થી પણ વધુ લોકોને વિવિધ સ્તરે પ્રત્યક્ષ રોજગારી પ્રદાન કરે છે.આ કોન્ફરન્સમાં ટુ-વ્હીલરને લગતાં વિવિધ મુદ્દાઓ જેમકે ફ્યુચર ઓફ ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રી, વાહન તથા આરટીઓને લગતા મુદ્દાઓ, ડીલરશીપના વિકાસ વગેરે ઉપર ઉંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. અમદાવાદના મુખ્ય આરટીઓ શ્રી બી.વી. લીંબાચીયા તેમજ ઓટો એનાલિસ્ટ શ્રી ચિરાગ જૈન આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે વિવિધ બાબતે પોતાના વિચારો વ્યક્ત કર્યાં હતાં. આ ઉપરાંત મોટિવેશનલ સ્પીકર શ્રી સંજય રાવલ, ફાઇનાન્સ અને ઇન્સ્યોરન્સના સિનિયર સભ્યો હાજર રહ્યાં હતાં. આ એસોસિયેશન આગામી સમયમાં ટ્રાફિક સલામતી અને માર્ગ સુરક્ષા સહિતના વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવાની યોજના ધરાવે છે.

પત્નીના મોતના આઘાતમાં પતિએ આપઘાતનો પ્રયાસ કર્યો

વડોદરા,તા.૪

ગર્ભવતી પત્નીના મોતનો આઘાત સહન કરી ન શકનાર લક્ષ્મીપુરા ગામના યુવાને ઇલેક્ટ્રીક થાંભલા ઉપર ચઢી જઇ જીવતો વાયર પકડી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ઇલેક્ટ્રીક કરંટ લાગતા દાઝી ગયેલા યુવાનને ગોત્રી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

વડોદરા શહેર નજીક લક્ષ્મીપુરા ગામમાં ભરત પરબતભાઇ પરમારની(૨૮) પત્ની ગર્ભવતી પત્ની મયુરીનું બે દિવસ પૂર્વે કુદરતી મોત થયું હતું. પત્નીનું મોત થતાં ભરતને ભારે આઘાત લાગ્યો હતો. પત્નીના મોત બાદ પોતાની મોટી દીકરીની જવાબદારી આવી પડી હતી. જેથી આજે વહેલી સવારે ભરત ઘર પાસે આવેલા વીજ થાંભલા ઉપર ચઢી ગયો હતો. અને જીવતો વાયર પકડી લઇ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.ઇલેક્ટ્રીકનો જીવતો વાયર પકડતા જ ભરત પરમાર નીચે પટકાયો હતો. જમીન ઉપર પટકાતા પરિવારજનો અને સ્થાનિક લોકો દોડી આવ્યા હતા. અને તુરંત જ ભરતને ગોત્રી હોસ્પિટલમાં લઇ આવ્યા હતા. આ સાથે આ બનાવની જાણ ગોત્રી પોલીસને કરવામાં આવતા પોલીસ દોડી ગઇ હતી. અને આ મામલે ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી હતી.

રાજ્યમાં આજે અને આવતીકાલે કમોસમી વરસાદની આગાહી

ગાંધીનગર,તા.૪

છેલ્લા થોડા દિવસથી ઠંડી એકદમ જતી રહી છે અને એકદમ ગરમી ચાલુ થઇ ગઇ છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે રાજ્યનાં કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદ પડવાની આગાહી છે. હવામાન વિભાગની આગાહીથી રાજ્યના ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે. આ અંગે હવામાન વિભાગે આગાહી કરી છે કે, ૫ માર્ચનાં રોજ રાજ્યનાં વાતાવરણમાં પલટો આવશે. આ સાથે રાજ્યમાં વાદળછાયું વાતાવરણ રહેશે. બનાસકાંઠા અને વલસાડમાં હળવા છાપટાં પડવાની શક્યતાઓ છે.હવામાન ખાતાએ કરેલી આગાહી પ્રમાણે, લો-પ્રેશરની સ્થિતિ સર્જાતા પમી માર્ચના રોજ એટલે આવતી કાલે રાજ્યનાં કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ થવાની શક્યતાઓ છે. પમી માર્ચના રોજ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી તથા સૌરાષ્ટ્રના દ્વારકા, પોરબંદર અને કચ્છ વિસ્તારમાં હળવા વરસાદી ઝાપટાં પડી શકે છે. જોકે, બીજા દિવસે ૬ માર્ચના રોજ પણ આ વિસ્તારમાં વાદળછાયુ વાતાવરણ રહી શકે છે.

YES BANK

બ્રાંચ ઓફીસ : ગ્રાઉન્ડ ફ્લોર, કોર્નર સ્કવેર બીલ્ડીંગ, ઈનોકસ મલ્ટીપ્લેક્ષ પાસે, રેસ કોર્સ સર્કલ, બરોડા – ૩૯૦૦૦૭.
રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફીસ : યશ બેંક ટાવર, આઈએફસી–૨, ૧૫મો માળ, સેનાપતી બાપટ માર્ગ, એલ્ફીસ્ટોન, (વેસ્ટ) મુંબઈ – ૪૦૦૦૧૩.
CIN : L65190MH2003PLC143249, Email : communications@yesbank.in, Website : www.yesbank.in

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ ના રૂલ ૮(૬) ની જોગવાઈઓ વંચાણે લેતા સ્થાવર મિલકતો માટે ઈ-હરાજી થી વેચાણની નોટીસ.
આથી ખાસ કરીને ઉધારકર્તા(ઓ) અને જામીનદાર(ઓ) તેમજ સામાન્ય રીતે જાહેર જનતાને નોટીસ આપી જણાવવાનું કે નીચે જણાવેલ સ્થાવર મિલકત જે મુકરર લ્હેણદારને ગિરવે મુકેલ/તારણમાં મુકેલ છે જેનો પ્રત્યક્ષ કબજો યશ બેંક લી. મુકરર લ્હેણદારના અધિકૃત અધિકારીએ લીધેલ છે, તે "જ્યાં છે જે કંઈ છે અને જેમ છે" ના ધોરણે તારીખ ૨૬.૦૩.૨૦૨૦ ના રોજ નિલમબેન સુરેશભાઈ કાપડીયા(સહ ઉધારકર્તા / ઉધારકર્તા અને ગિરવેદાર સુરેશભાઈ ફુલાભાઈ કાપડીયા ના કાયદેસરના વારસદાર) પાસેથી મુકરર લેણદારના તા. ૨૬.૦૩.૨૦૧૮ ના રોજ બાકી લેણા ૧૨,૪૫,૪૫૮/- કરાર દરે વ્યાજ અને ચાર્જીસ વસુલ કરવા વેચાણ કરાશે. અનામત કિંમત રૂા. ૧૧,૪૫,૦૦૦/- અને અર્નેસ્ટ મની ડીપોઝીટ રૂા.૧,૧૪,૫૦૦/-.

મિલકતનું વર્ણન

ફ્લેટ નં. ઈ-૨૦૧, બીજો માળ, પ્રકૃતી ફ્લેટસ, માંજલપુર ટાઉનશીપ-૧ની પાછળ, દરબાર ચોકડી, સ્થીત આર.એસ. નં. ૪૪૪, ટી.પ. સ્કીમ નં. ૧૯, એફપી નં. ૨૩૮, મોજે માંજલપુર, વડોદરા - ૩૯૦૦૧૧.

- ઈ-હરાજીની તારીખ અને સમય : ૨૭.૦૩.૨૦૨૦, સવારે ૧૧:૦૦ થી બપોરે ૨:૦૦ દરકે ૫ મિનીટના વધારા સાથે
- બીડ મોકલવાની છેલ્લી તારીખ : ૨૫.૦૩.૨૦૨૦
- મિલકત નિરીક્ષણની તારીખ : ૨૩.૦૩.૨૦૨૦

વેચાણ માટેની વિગતવાર નિયમો અને શરતો જોવા મહેરબાની કરીને આપેલ લીંક http://10.0.49.5/about-us/media/auction-property મુકરર લેણદાર ની વેબસાઈટ : www.yesbank.in જુઓ.
જો ટેન્ડર ડોકયુમેન્ટસ ઈ-બીડીંગ કેટલોગ મેળવવામાં અથવા સ્થાવર મિલકત મુકરર મિલકતની નિરીક્ષણમાં તકલીફ હોય અને કોઈ કવેરી હોય તો મહેરબાની કરીને યશ બેંક લી.ના અધિકારીની સંપર્ક કરવો, શ્રી બિરેન દવે મો. ૯૯૨૫૦૦૯૮૯૯ અથવા ઈમેલ: biren.dave@yesbank.in અને મે. લીનોકસુરમેન્ટ ટેકનોલોજીસ લીમીટેડ (ઓકસન ટાઈગર)અમદાવાદ, બીડર સપોર્ટ નંબર : ૯૨૫૫૫૨૮૨૫, ૦૭૯ - ૬૧૨૦૦૫૭ / ૫૯૮ / ૫૯૮ / ૫૯૫ / ૫૩૮, ઈમેલ : Gujarat@auctiontiger.net અને Chintan.bhatt@auctiontiger.net નો સંપર્ક કરશો.

કાયદાની કલમ ૧૩(૮) હેઠળ ધ્યાન કરતા અમારા દ્વારા, અમે કરેલા બધા ખર્ચાઓ, ચાર્જીસ, કોસ્ટ, સાથે વેચાણ અથવા તબદીલની તારીખ પહેલાં કોઈપણ સમયે ભરપાઈ થાય એ સંજોગોમાં અમારા દ્વારા મુકરર મિલકતોનું વેચાણ અથવા તબદીલ થશે નહી અને મુકરર મિલકતનના વેચાણ અથવા તબદીલ માટેના આગળ પગલાં ભરાવશે નહી.

ઉધારકર્તા / જામીનદારોને વેચાણ નોટીસ

ઉપરોક્ત પ્રકાશનની તારીખથી ૧૫ દિવસની અંદર ચૂકવવા માટે જવાબદારોને નોટીસ તરીકે ગણવામાં આવશે.
તારીખ : ૦૫.૦૩.૨૦૨૦, સ્થળ : બરોડા — સહી/- અધિકૃત અધિકારી, યશ બેંક લીમીટેડ

ગુજરાત સરકાર ૨૦૨૦-૨૧માં રૂા.૪૬,૫૦૧ કરોડનું દેવું કરશે પણ વિકાસ પાછળ ખર્ચાશે માત્ર રૂા.૪,૯૨૫ કરોડ

(પ્રતિનિધિ) ગાંધીનગર,તા.૪

ગુજરાત સરકાર દર વર્ષે વિવિધ હેતુ માટે હજારો કરોડનું દેવું કરે છે. ૨૦૨૦-૨૧ના વર્ષમાં પણ સરકાર રૂા.૪૬,૫૦૧ કરોડનું દેવું કરશે. અર્થાત ગુજરાત સરકાર ૨૦૨૦-૨૧માં માસિક રૂા.૩૮૭૫ કરોડ અને દૈનિક રૂા.૧૨૭ કરોડનું દેવુ કરશે સરકારના બજેટમાં અપાયેલ પેટે ૪૧,૫૭૬ કરોડ ખર્ચશે જે માંથી જાહેર દેવાની ચૂકવણીમાં રૂા.૧૭૮૮૫ કરોડ અને વ્યાજની ચૂકવણી પેટે રૂા.૨૩૮૭૧ કરોડ ચુકવશે. આનો અર્થ એ થાય કે સરકાર દ્વારા ૨૦૨૦-૨૧માં જે રૂા.૪૬૫૦૧ કરોડનું દેવું કરાશે તેમાંથી માત્ર રૂા.૪૯૨૫ કરોડ જ વિકાસ પાછળ ખર્ચાશે.એક રીતે જોઈએ તો ૨૦૨૦-૨૧માં રાજ્ય સરકાર રૂા.૪૬૫૦૧ કરોડનું દેવું કરશે. જે દૈનિક દેવાની ચુકવણી માટે કરશે. અને વ્યાજની ચુકવણી પેટે રૂા.૬૫ કરોડ નૂકવશે. આમ સરકાર પાસે વિકાસના કામ પાછળ દૈનિક રૂા.૧૩.૫૦ કરોડ બચશે.છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કરાયેલા ગત ૨૦૧૬-૧૭થી ૨૦૧૯-૨૦માં માત્ર ૪ વર્ષમાં ગુજરાત સરકારે કુલ રૂા.૧,૬૦,૬૦૧ કરોડનું કર્યુ છે. અને તેના માટે કુલ રૂા.૮૫,૫૭૧ કરોડનું વ્યાજ વ્યાજ ચુકાયું છે. જ્યારે આગામી વર્ષ ૨૦૨૦-૨૧ના નવા નાણાંકીય વર્ષમાં પણ રાજ્ય સરકાર રૂા.૪૬,૫૦૧ કરોડનું દેવું કરશે. જેના કારણે સરકારનું કુલ દેવું રૂા.૨,૯૬,,૨૬૮ કરોડ થશે જેના ઉપર સરકાર એક જ વર્ષમાં રૂા.૨૩,૮૦૧ કરોડનું વ્યાજ ચુકવાશે આમ રાજ્યનું કુલ દેવું ૨૦૨૦-૨૧માં ૨,૯૬,૩૬૮ કરોડનું થશે.

રાજ્ય સરકારે ૨૦૧૭-૧૮માં સરકારે રૂા.૨૬૯૫૩ કરોડનું દેવું કર્યુ હતું. ગયા કુલ દેવા ઉપર રૂા.૧૮.૯૫૪ કરોડનું વ્યાજ ચુકાયું હતું. એટલે સરકાર પાસે નવા દેવાની રકમમાંથી માત્ર રૂા.૭૯૯૯ કરોડ બચ્યા હતા. વર્ષ ૨૦૧૮-૧૯માં સરકારે રૂા.૪૩૧૪૬ કરોડનું દેવું કર્યુ હતું. તથા આ વર્ષમાં કુલ દેવા ઉપર રૂા.૨૦૧૮૩ કરોડનું વ્યાજ ચુકાયું હતું. એટલે સરકાર પાસે તો માંડ રૂા.૨૨૯૬૩ કરોડની રકમ બચશે. હતી. તેમાંથી પણ રૂા.૧૫૩૨ કરોડ રૂા. જુના દેવા પેટે ચુકવ્યા હતા.ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં સરકારે રૂા.૪૪,૦૦૧ કરોડનું નવુ દેવું કર્યુ છે. અને દેવા પર કુલ રૂા.૨૨૫૬૩ કરોડની વ્યાજ પેટે ચુકવણી કરી છે. જ્યારે રૂા.૧૬,૬૫૫ કરોડ દેવાની ચુકવણી પેટે કરશે. અર્થાત વિકાસ પાછળ ખર્ચાની રૂા.૪૭૮૩ કરોડ જ ખર્ચાયા હતા. સરકાર નવા ૨૦૨૦-૨૧ના નાણાંકીય વર્ષમાં રૂા.૪૬,૫૦૧ કરોડનુ નવુ દેવું કરશે અને આવા દેવા ઉપર રૂા.૨૩,૮૭૧ કરોડનું નવું વ્યાજ ઉપરાંત ૧૭,૮૮૫ કરોડ દેવાની ચુકવણી પાછળ ખર્ચાશે અર્થાત માત્ર રૂા.૪૯૨૫ કરોડની બચત જ રહેશે. એટલે કે સરકાર દ્વારા નવા દેવાની રકમમાંથી ચુકવનારા વ્યાજની રકમ અને દેવાની ચુકવણી કરતા પણ ઓછી રકમ વિકાસના કામો હાથ રહેવાની છે.

આજવા રોડ સયાજીપુરા પાસે આવેલી અમેરિકન સ્કુલમાંથી વજનદાર લોકર ઉચકી જવાનો પ્રયાસ

વડોદરા, તા.૪

આજવા રોડ પર આવેલી અમેરિકન સ્કુલ ઓફ બરોડાને નિશાન બનાવી ત્રાટકેલી તસ્કર ટોળકીએ વજનદાર લોકર ઉચકીને લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. બાપોદ પોલીસ મથકે ચોરીની કોશિષના બનાવ